11-D(Con.)

**Do not open this booklet until you are asked to do so.**

**CSSC-GS-I-PKL** **GS - I**

**No. D- 0575**

**TOTAL MARKS: 200**

**D**

**SERIES**

**TIME ALLOWED: TWO HOURS**

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY(નીચેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો)**

1. Please write **Seat No., Category, Question Booklet Series and Subject** on answer sheet (OMR Sheet) without fail.

   (તમારો સીટ નંબર, કેટેગરી, પ્રશ્નપત્ર બુકલેટ સીરીજ અને વિષય જવાબવહી પર કોઇપણ જાતની ભૂલ વગર લખો.)

2. Each question carries two marks. Wrong answer or more than one answer in one question will carry **33% (1/3 Marks) negative marking.**

   (દરેક પ્રશ્નના ૨ ગુણ છે. ખોટા જવાબ અથવા એક કરતા વધુ જવાબ માટે 33% ગુણ (૧/૩ ગુણ) નકારાત્મક ગુણ ધરાવે છે.)

3. You have to mark (●) the right alternative (**a** or **b** or **c** or **d**) for each question in the answer sheet with**HB Pencil.**

   (તમારે જવાબવહીમાં દરેક પ્રશ્ન માટેનો યોગ્ય વિકલ્પ (અorબor કor ડ)પસંદ કરી **HB**પેન્સિલ વડે ચિહ્નીત (●)કરવું.

4. Rough work, if any; be done on the last blank page of Question Paper.

   (કોઇપણ જાતનું રફ કાર્ય પ્રશ્નપત્રના અંતિમ કોરા પેજ પર જ કરવાનું રહેશે.)

5. **In case of confusion in Gujarati Question, rely on English Question. English text will be final.**

   (જો ગુજરાતી પ્રશ્નોમાં દ્વિધા હોય તો અંગ્રેજી પ્રશ્ન પરનો સંદર્ભ લઇ તેના પર આધાર રાખવો. અંગ્રેજી ભાષા અર્થઘટન માટે આખરી ગણાશે.)

| | |
|---|---|
| 1 | Which of the following sectors is NOT included in calculating Index of Industrial Production?<br><br>(A) Construction (B) Mining (C) Manufacturing (D) Electricity<br><br>ઔદ્યોગિક ઉત્પાદનના આંકની ગણતરીમાં નીચે દર્શાવેલ બાબતોમાંથી કઇ બાબતનો સમાવેશ કરવામાં આવતો નથી ?<br><br>(અ) બાંધકામ (બ) ખાણ ખનિજ (ક) ચીજવસ્તુનું ઉત્પાદન (ડ) વીજળી |
| 2 | Which of the following statements is correct with regard to the Finance Commission of India?<br><br>(A)It facilitates the proper distribution of finances among the Public Sector Undertakings.<br>(B)It ensures transparency in financial administration.<br>(C)It recommends distribution of non-plan and plan funds from the Centre to State.<br>(D)It recommends distribution of tax revenues and grants-in-aid from Centre to States.<br><br>ભારતના નાણાં પંચના સંદર્ભમાં નીચે દર્શાવેલા વિધાનોમાંથી કયું વિધાન સાચું છે ?<br><br>(અ) તેના દ્વારા જાહેર સાહસોને વાજબી રીતે નાણાંકીય ફાળવણી થાય છે.<br>(બ) તેના દ્વારા નાણાંકીય વહીવટમાં પારદર્શિતા આવે છે.<br>(ક) તેના દ્વારા કેન્દ્ર તરફથી રાજ્યોને ફાળવવાના યોજનાકીય અને બિનયોજનાકીય ભંડોળ માટે ભલામણ કરવામાં આવે છે.<br>(ડ) તેના દ્વારા કરની આવકની વહેંચણી અને કેન્દ્ર દ્વારા રાજ્યોને આપવાના અનુદાનની ભલામણ કરવામાં આવે છે. |
| 3 | With regard to which of the following Bills, does the Constitution explicitly stipulate that the President is bound to give assent?<br><br>(A) Reorganisation of Sates Bill (B) Financial Bill<br>(C) Ordinary Bill (D) Constitutional Amendment Bill<br><br>નીચે દર્શાવેલ ખરડાઓ (BILLS)માંથી કયા ખરડાને રાષ્ટ્રપતિએ મંજૂરી આપવાની જ છે તે અંગેની સ્પષ્ટ જોગવાઈ ભારતના બંધારણમાં કરવામાં આવેલ છે ?<br><br>(અ) રાજ્યોની પુનઃરચનાનો ખરડો (બ) નાણાંકીય ખરડો<br>(ક) સામાન્ય ખરડો (ડ) બંધારણીય સુધારણાનો ખરડો |

| | |
|---|---|
| 4 | In context with the State of Forests Report, 2011, consider the followi... statements:<br>1. India's Forest Cover has declined by 367 Sq.kms between 2007 and 2009.<br>2. Andhra Pradesh has lost the maximum forest cover and Punjab has registered the maximum growth in forest cover<br>Which among the above statements is / are correct?<br><br>[A]Only 1 [B]Only 2 [C]Both 1 & 2 [D]Neither 1 nor 2<br><br>વનોની સ્થિતી અંગેના અહેવાલ ૨૦૧૧ ના સંદર્ભમાં નીચેના વિધાનો કાળજીથી વાંચો.<br>૧.ભારતના વન વિસ્તારમાં ૨૦૦૭ થી ૨૦૦૯ વચ્ચેના સમયગાળામાં ૩૬૭ ચો.કિ.મી.નો ઘટાડો થયો.<br>૨. આંધ્રપ્રદેશમાં વનવિસ્તારમાં સૌથી મોટો ઘટાડો થયો છે અને પંજાબમાં વનવિસ્તારમાં સૌથી મોટો વધારો થયો છે.<br>ઉપરનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?<br><br>(અ) ફક્ત – ૧ (બ) ફક્ત – ૨ (ક) ૧ અને ૨ બન્ને (ડ) ૧ અથવા ૨ માંથી કોઇપણ નહીં |
| 5 | Which of the following endangered species is native to Gujarat ?<br><br>(A) Wild Ass (B) Great Indian Bustard<br>(C) Black Buck (D) Asiatic Lion<br><br>નીચે દર્શાવેલ વિવિધ પ્રજાતિઓમાંથી ગુજરાતમાં 'નાશના આરે ઊભેલી હોય' તેવી પ્રજાતિ કઈ છે ?<br><br>(અ) જંગલી ગધેડાં (બ) મોટો ભારતીય ઘોરડ (બસ્ટાર્ડ)<br>(ક) કાળિયાર (ડ) એશિયાનો સિંહ |
| 6 | Consider the following statements about Equinox:<br>1. Centre of the Sun and Earth's equator are in same plane<br>2. Occurs twice a year<br>3. The length of day & night is equal<br>Which among the above statements is/ are correct?<br><br>[A]Only 1 [B]1& 2 [C]2 & 3 [D]1, 2 & 3<br><br>સંપાત (ઇક્વીનોક્ષ) અંગેના નીચેનાં વિધાનો ધ્યાનથી જુઓ.<br>(૧) સૂર્ય અને પૃથ્વીની મધ્ય રેખા (વિષુવવૃત્ત) એક જ સમાંતર હોય છે<br>(૨) આ ઘટના વર્ષમાં બે વખત બને છે.<br>(૩) આ સમયે દિવસ અને રાત્રિ સરખાં હોય છે.<br>ઉપરના વિધાનોમાંથી કયું/કયાં વિધાનો સાચાં છે ?<br><br>(અ) ફક્ત ૧ (બ) ૧ અને ૨ (ક) ૨ અને ૩ (ડ) ૧, ૨ અને ૩ |

| | |
|---|---|
| 7 | For cotton cultivation which among the following soils is considered most suitable?<br><br>[A] Red Soil [B] Black Soil [C] Laterite Soil [D]Alluvial Soil<br><br>કપાસની ખેતી માટે નીચે દર્શાવેલ જમીનના પ્રકારોમાંથી કયો પ્રકાર સૌથી વધારે સાનુકૂળ ગણવામાં આવે છે ?<br><br>(અ) લાલ જમીન (બ) કાળી જમીન (ક) પથરાળ જમીન (ડ) રેતાળ જમીન |
| 8 | The popular drug "Acetylsalicylic Acid" is commonly known by which among the following names?<br><br>[A]Paracetamol [B]Aspirin [C]Salsalate [D]Wintergreen<br><br>એક જાણીતી દવા 'એસેટીલસેલી સાયલિક એસિડ' સામાન્ય રીતે નીચે દર્શાવેલા નામોમાંથી કયા નામે જાણીતી છે ?<br><br>(અ) પારાસીટામોલ (બ) એસ્પિરીન (ક) સાલાસલેટ (ડ) વીન્ટર ગ્રીન |
| 9 | In which organ are RBC selectively destroyed?<br><br>[A] Spleen [B] Kidney [C] Liver [D]Pancreas<br><br>લોહીનાં લાલ કણો (RBC) શરીરના કયા અવયવમાં નાશ પામે છે ?<br><br>(અ) બરોળ (સ્પ્લીન) (બ) મૂત્રપિંડ (કિડની) (ક) જઠર ( લીવર) (ડ) યકૃત ( પેન્ક્રીયાસ) |
| 10 | Which among the following dynasty is known to have constructed the temples at Khajuraho?<br><br>[A]Chandelas [B]Chauhans [C]Pratiharas [D]Rastrakutas<br><br>ખજુરાહોના મંદિરોનું નિર્માણ નીચે જણાવેલ વંશોમાંથી કયા વંશના શાસન દરમિયાન થયાનું મનાય છે ?<br><br>(અ) ચંડેલા (બ) ચૌહાણ (ક) પ્રતિહાર (ડ) રાષ્ટ્રકુટ |
| 11 | Which among Mountbatten plan, CR Formula, Wavell Plan and Cabinet Mission is chronologically the earliest?<br><br>(A)CR Formula (B) Wavell Plan (C) Cabinet Mission (D)Mountbatten Plan<br><br>માઉન્ટ બેટન યોજના, સીઆર ફોર્મ્યુલા, વેવેલ યોજના અને કેબીનેટ મિશનની યોજનામાંથી કઈ બાબત સમય ક્રમાનુસાર સૌથી વહેલી છે ?<br><br>(અ) સી. આર. ફોર્મ્યુલા (બ)વેવેલ પ્લાન (ક) કેબીનેટ મિશન યોજના (ડ) માઉન્ટ બેટન પ્લાન |

| | |
|---|---|
| 12 | Consider the following statements regarding the Policy of Sulahkul ?<br>1. Sulahkul means Universal Tolerance<br>2. The policy of Sulahkul was a State principle of Emperor Akbar<br>3. Din-i-Elahi was a result of the policy of Sulahkul.<br>which among the above statements are correct?<br><br>(A) 1 only (B) 1 & 2 only (C) 1 & 3 only (D) 2 & 3 only<br><br>'સુલાહકુલ' બાબતે નીચેના વિધાનો કાળજીથી વાંચો.<br>(૧) સુલાહકુલનો અર્થ સાર્વત્રિક સહિષ્ણુતા થાય છે.<br>(૨) 'સુલાહકુલ' સમ્રાટ અકબરની રાજનીતિનો સિદ્ધાંત હતો.<br>(૩) 'સુલાહકુલ' નીતિના પરિણામે 'દીને-ઇ-લાહી' ની સ્થાપના કરવામાં આવી હતી.<br>ઉપરના વિધાનોમાંથી કયું વિધાન સાચું છે ?<br><br>(અ) ફક્ત - ૧ (બ) ફક્ત ૧ અને ૨ (ક) ફક્ત ૧ અને ૩ (ડ) ફક્ત ૨ અને ૩ |
| 13 | The International Development Association (IDA) is administered by<br><br>(A) United Nations Development Programme (B) IMF<br>(C) IBRD (World Bank) (D) Both IMF and World Bank<br><br>આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થા (આઈડીએ) વહીવટ કરનાર<br><br>(અ) યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (બ) આઇએમએફ<br>(ક) આઈબીઆરડી (વિશ્વ બેંક/વર્લ્ડ બેંક) (ડ) બન્ને આઇએમએફ અને વર્લ્ડ બેંક |
| 14 | Which of the following is NOT a part of the Tertiary sector of India?<br><br>(A) Railways (B) Hotels (C) Electricity, gas and water (D) Trade<br><br>નીચે જણાવેલા ક્ષેત્રોમાંથી ક્યું ક્ષેત્ર અર્થશાસ્ત્ર મુજબ (ટરશ્યરી) ત્રીજા સેક્ટરમાં સમાવિષ્ટ નથી.<br><br>(અ) રેલ્વેઝ (બ) હોટેલ્સ (ક) વીજ-ગેસ-પાણી (ડ) વ્યાપાર |
| 15 | In a session of the Indian Parliament, how many "Adjournment Motions" can be introduced?<br><br>(A) Not more than one (B) Not more than two<br>(C) Not more than three (D) Any number of Adjournment Motions<br><br>ભારતીય સંસદની એક બેઠક દરમિયાન કેટલી વખત 'સભા મોકૂફી' નો પ્રસ્તાવ રજુ કરી શકાય ?<br><br>(અ) એક થી વધારે વખત નહીં (બ) બે થી વધારે વખત નહીં<br>(ક) ત્રણ થી વધારે વખત નહીં (ડ) ગમે તેટલી વખત |

| | |
|---|---|
| 16 | In which among the following launches, was India's first indigenous all-weather RISAT-1 successfully sent in orbit recently?<br><br>[A]PSLV C-18 [B]PSLV C-19<br>[C]GSLV 18 [D]GSLV 19<br><br>તાજેતરમાં ભારતે ભ્રમણકક્ષામાં છોડેલા હવામાનની પૂર્ણ જાણકારી માટેનો ઉપગ્રહ –<br>RISAT-1 નીચે જણાવેલ કઇ રોકેટ પધ્ધતિથી અંતરિક્ષમાં મોકલ્યો હતો ?<br><br>(અ) PSLV-C-18 (બ) PSLV-C-19<br>(ક) GSLV-18 (ડ) GSLV-19 |
| 17 | The Thummalapalle mine which is considered to have one of the world's largest reserves of 1.50 lakh tonnes of uranium is located in which among the following Indian States?<br><br>[A]Karnataka [B]Andhra Pradesh [C]Tamil Nadu [D]Kerala<br><br>વિશ્વમાં યુરેનિયમનો સૌથી વિશાળ જથ્થો ધરાવતી ઘુમાલાપેલી ખાણ નીચે દર્શાવેલા રાજ્યોમાંથી કયા રાજ્યમાં છે?<br><br>(અ) કર્ણાટક (બ) આંધ્રપ્રદેશ (ક) તામિલનાડુ (ડ) કેરાળા |
| 18 | Which city is on the banks of the river "Seine"?<br><br>[A]Paris [B]Frankfurt [C]Geneva [D]Rome<br><br>'સીએન' નદીના કાંઠે કયું શહેર વસેલું છે ?<br><br>(અ) પેરિસ (બ) ફ્રેંકફર્ટ (ક) જીનિવા (ડ) રોમ |
| 19 | Which among the following regions of the Earth's surface are called Horse Latitudes?<br><br>[A] Equatorial Low Pressure Belt<br>[B] Sub Tropical High Pressure Belt<br>[C] Sub Polar Low Pressure Belt<br>[D]Polar belts<br><br>નીચે જણાવેલા વિસ્તારોમાંથી 'હોર્સ લેટીટ્યુડ' તરીકે પૃથ્વીની સપાટીનો કયો વિસ્તાર ઓળખાય છે ?<br><br>(અ) વિષુવવૃત્તનો ઓછા દબાણનો પટ્ટો (બ) સબ ટ્રોપીકલ ઊંચા દબાણનો પટ્ટો<br>(ક) સબ પોલાર (ધ્રુવ પ્રદેશ) નો ઓછા દબાણનો પટ્ટો (ડ) પોલાર (ધ્રુવ પ્રદેશ) ના પટ્ટા |

| | |
|---|---|
| 20 | Cirrhosis is a disease that affects which among the following organs?<br><br>[A]Kidney [B]Liver [C]Pancreas [D]Small Intestine<br><br>નીચે દર્શાવેલ અંગોમાંથી 'સાયરોસીસ' નામનો રોગ કયા અંગને અસરગ્રસ્ત કરે છે ?<br><br>(અ) કિડની (મૂત્રપિંડ) (બ) લિવર (જઠર)<br>(ક) પેન્ક્રીયાસ (યકૃત) (ડ) સ્મોલ ઈન્ટન્સાઈન (નાનું આંતરડું) |
| 21 | Which among the following is rich in Ozone?<br><br>[A] Stratosphere [B] Mesosphere [C] Ionosphere [D]Troposphere<br><br>નીચે દર્શાવેલામાંથી કયું સ્થાન ઓઝોનથી ભરપૂર છે ?<br><br>(અ) સ્ટ્રેટોસ્ફીયર (બ) મેસોસ્ફીયર (ક) આયનોસ્ફીયર (ડ) ટ્રોપોસ્ફીયર |
| 22 | Which among the following incidents established the supremacy of the British over the French in India?<br><br>[A]Battle of Buxar [B]Battle of Wandiwash<br>[C]Carnatic Wars [D]Battle of Chingleput<br><br>ભારતમાં કયા બનાવથી અંગ્રેજોએ ફ્રેન્ચ પર આધિપત્ય જમાવ્યું ?<br><br>(અ) બક્ષરનું યુદ્ધ (બ) વાંદીવોશનું યુદ્ધ<br>(ક) કર્ણાટકી યુદ્ધ (ડ) ચિંગલપેટની લડાઈ |
| 23 | Which among the following State's is related to Moplah Rebellion?<br><br>(A)Kashmir (B)Kerala (C)Karnataka (D)Gujarat<br><br>નીચેનામાંથી કયું રાજ્ય મોપલા હુલ્લડો સાથે સંકળાયેલું છે ?<br><br>(અ) કાશ્મિર (બ) કેરાલા (ક) કર્ણાટક (ડ) ગુજરાત |
| 24 | Who among the following is known to oppose the Age of consent bill?<br><br>(A) BehramjiMalabari (B)BalGangadharTilak<br>(C)Mahatma Gandhi (D)Bipin Chandra Pal<br><br>નીચે દર્શાવેલામાંથી કોણ સહમતીની ઉંમરના ખરડાનો વિરોધ કરવા માટે જાણીતા છે.<br><br>(અ) બહેરામજી મલબારી (બ) બાલ ગંગાધર ટિળક<br>(ક) મહાત્મા ગાંધી (ડ) બિપીનચંદ્ર પાલ |

| | |
|---|---|
| 25 | The Union Budget is prepared by<br><br>(A) Department of Revenue (B) Department of Economic Affairs<br>(C) Department of Financial Services (D) Department of Expenditure<br><br>કેન્દ્ર સરકારનું બજેટ નીચે દર્શાવેલ વિભાગોમાંથી કયો વિભાગ તૈયાર કરે છે ?<br><br>(અ) મહેસૂલ વિભાગ (બ) આર્થિક બાબતોનો વિભાગ<br>(ક) નાણાંકીય સેવાનો વિભાગ (ડ) ખર્ચ અંગેનો વિભાગ |
| 26 | Which of the following does NOT enjoy legal status?<br><br>(a) A resolution of a Full Court of the Supreme Court (b) Gram Nyayalaya<br>(c) LokAdalat (d) Law Commission of India<br><br>નીચે દર્શાવેલામાંથી કઇ બાબત/સંસ્થા કાયદાકીય હોદ્દો ધરાવતી નથી.<br><br>(અ) સુપ્રિમ કોર્ટની પૂર્ણ બેન્ચનો ઠરાવ (બ) ગ્રામ ન્યાયાલય<br>(ક) લોક અદાલત (ડ) ભારતનું લૉ કમીશન |
| 27 | Which of the following authorities has the power to declare an area as disturbed area under the Armed Forces Special Powers Act. (AFSPA)?<br><br>(A) President of India (B) Governor of a State<br>(C) Both the President and Governor of a State (D) Armed Forces<br><br>નીચે દર્શાવેલ સત્તાધીશોમાંથી કોને એ અધિકારી છે કે જે કોઇપણ વિસ્તારને 'લશ્કરના વિશેષાધિકાર ધારા' હેઠળ વિસ્તારને અશાંત વિસ્તાર જાહેર કરી શકે ?<br><br>(અ) રાષ્ટ્રપતિ (બ) રાજ્યના રાજ્યપાલ<br>(ક) રાષ્ટ્રપતિ અને રાજ્યના રાજ્યપાલ બન્ને (ડ) લશ્કરી દળો |
| 28 | After a gap of more than two decades, who among the following was recently elected as a judge of the International Court of Justice from India?<br><br>[A]Justice Vivian Bose [B]Justice Swatanter Kumar<br>[C]Justice J R Mudholkar [D]Justice DalveerBhandari<br><br>લગભગ ૨૦ વર્ષના સમયગાળા બાદ તાજેતરમાં નીચે દર્શાવેલામાંથી કયા ભારતીય ન્યાયાધીશની નિમણૂક આંતરરાષ્ટ્રીય ન્યાયાલય(હેગ)માં પસંદગી થઇ છે ?<br><br>(અ) જસ્ટીસ વિવિયન બોઝ (બ) જસ્ટીસ સ્વતંત્રકુમાર<br>(ક) જસ્ટીસ જે. આર. મુધોલકર (ડ) જસ્ટીસ દલબીર ભંડારી |

| | |
|---|---|
| 29 | The partner country for the dedicated freight corridor passing through **Gujarat** is<br><br>(A) China (B) Japan (C) South Korea (D) Russia<br><br>સમર્પિત માલપરિવહન યોજનાની કોરીડોરમાં નીચે દર્શાવેલા દેશોમાંથી કોણ સહયોગી ભાગીદાર છે?<br><br>(અ) ચીન (બ) જાપાન (ક) સાઉથ કોરિયા (ડ) રશિયા |
| 30 | Which among the following is the most important characteristic of Noble metals?<br><br>(A)Lustre (B)Non reactive nature<br>(C)Preciousness (D)Rare availability<br><br>નીચે દર્શાવેલ મહત્ત્વનાં લક્ષણોમાંથી નોબલ (ઉત્તમ) ધાતુ માટે કયાં લક્ષણો જરૂરી છે ?<br>(અ) તેજસ્વિતા (લસ્ટર) (બ) પ્રતિક્રિયાનો અભાવ<br>(ક) મૂલ્યવાન (ડ) જુજ ઉપલબ્ધતા |
| 31 | Of the following who has not been a Chief Minister of Gujarat?<br><br>(A) Narendra Modi (B) Prabodh Raval<br>(C) Madhavsinh Solanki (D) Dilip Parikh<br><br>નીચે દર્શાવેલ વ્યક્તિઓમાંથી કોણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્ય કર્યું નથી ?<br>(અ) નરેન્દ્ર મોદી (બ) પ્રબોધ રાવલ<br>(ક) માધવસિંહ સોલંકી (ડ) દિલીપ પરીખ |
| 32 | Consider the following statements about veins in comparison to arteries:<br>1. All veins carry blood towards the heart<br>2. All veins carry deoxygenated blood<br>3. All veins contain valves<br>Which among the above statements is/ are correct?<br><br>[A]Only 1 [B]1& 2 [C]2 & 3 [D]1 & 3<br><br>શિરા (વેઇન્સ) અને ધમની (આર્ટરીઝ)ની સરખામણીના સંદર્ભમાં નીચેનાં વિધાનો તપાસો.<br>(૧) તમામ શિરાઓ (વેઇન્સ) લોહીનું હૃદય તરફ વહન કરે છે.<br>(૨) તમામ શિરાઓ લોહીમાંથી ઓક્સીજન વપરાયા બાદ લોહીનું વહન કરે છે.<br>(૩) તમામ શિરાઓમાં વાલ્વ હોય છે.<br>ઉપરના વિધાનોમાંથી કયું/કયાં વિધાન સાચાં છે ?<br><br>(અ) ફક્ત ૧ (બ) ૧ અને ૨ (ક) ૨ અને ૩ (ડ) ૧ અને ૩ |

| | |
|---|---|
| 33 | Which among the following is also known as white gold?<br><br>[A] Nickel [B] Rhodium [C] Platinum [D]Palladium<br><br>નીચે દર્શાવેલ પદાર્થોમાંથી કોને 'સફેદ સોનું' કહેવામાં આવે છે ?<br><br>(અ) નિકલ (બ) રોહડિયમ (ક) પ્લેટિનમ (ડ) પેલેડિયમ |
| 34 | Who among the following headed the Advisory Committee on Fundamental Rights and Minorities Committee under the Constituent Assembly?<br><br>[A]JawaharLalNehru [B] VallabhBhai Patel<br>[C] Dr B.R.Ambedkar [D]Maulana Azad<br><br>નીચે દર્શાવેલામાંથી કઇ વ્યક્તિએ બંધારણ સભાની મૂળભુત અધિકારોની અને લઘુમતિ માટેની સલાહકાર સમિતિના પ્રમુખ તરીકે કામગીરી બજાવી હતી?<br>(અ) જવાહરલાલ નહેરુ (બ) વલ્લભભાઈ પટેલ<br>(ક) ડૉ. બી. આર. રૂાંબેડકર (ડ) મૌલાના આઝાદ |
| 35 | Which of the following revolutionaries has written "BandiJeevan"?<br><br>(A)Chandra ShekharAzad (B)SachindraNathSanyal<br>(C)RasBehari Bose (D)Bhagat Singh<br><br>નીચે દર્શાવેલ ક્રાંતિકારીઓમાંથી કોણે 'બંદી જીવન' પુસ્તક લખ્યું છે ?<br><br>(અ) ચંદ્રશેખર આઝાદ (બ) સચિન્દ્રનાથ સન્યાલ<br>(ક) રાસ બિહારી બોઝ (ડ) ભગતસિંહ |
| 36 | Which among the following was called as the Central Pillar of the administrative system of Delhi sultanate?<br><br>(A)Izrasystem<br>(B)Iqta System<br>(C)Devsirme system<br>(D)Chahalgami<br><br>નીચે દર્શાવેલ વ્યવસ્થામાંથી કઇ વ્યવસ્થાને દિલ્હીની સલ્તનતની 'વહીવટી વ્યવસ્થાનો કેન્દ્રીય સ્તંભ' તરીકે વર્ણવામાં આવતો હતો ?<br><br>(અ) ઈઝરા વ્યવસ્થા (બ) ઈકટા વ્યવસ્થા<br>(ક) દેવસીરમે વ્યવસ્થા (ડ) ચહલગામી |

| | |
|---|---|
| 37 | Which of the following clearly defines the objective of the scheme "Assistance India Club"?<br><br>(A) To provide economic assistance to India.<br>(B) To provide intensive cash packages for development of SC/STs<br>(C) Assistance for education of Minorities<br>(D) Special Help Packages for women and children (below age of 6 years)<br><br>ભારત સહાય ક્લબના ઉદ્દેશોમાં નીચે દર્શાવેલી બાબતોમાંથી કઇ બાબત ઉદ્દેશને સ્પષ્ટ રીતે દર્શાવે છે?<br><br>(અ) ભારતને આર્થિક સહાય કરવી.<br>(બ) અનુસૂચિત જાતિ / જનજાતિને ઘનિષ્ઠ રોકડ સહાય આપવાનું પેકેજ તૈયાર કરવું.<br>(ક) લઘુમતિના શિક્ષણ માટે સહાય<br>(ડ) સ્ત્રીઓ અને છ વર્ષથી નીચેના બાળકોને ખાસ સહાય માટેની યોજનાઓ |
| 38 | The "right to vote" given to citizens under Article 326, applies to elections to the<br><br>(1) Lok Sabha<br>(2) Legislative Assemblies of the States<br>(3) Panchayats<br>(4) Municipalities<br><br>Select the correct answer from the codes given below:<br><br>(A) 1 and 2 only (B) 1,2 and 3 only<br>(C) 1, 2 and 4 only (D) 1,2,3 and 4<br><br>ભારતના બંધારણની કલમ ૩૨૬ હેઠળ નાગરિકને આપવામાં આવેલ મતાધિકાર કયા પ્રકારની ચૂંટણીને સંબંધિત છે.<br><br>(૧) લોકસભા<br>(૨) રાજ્યોની વિધાનસભા<br>(૩) પંચાયત<br>(૪) મ્યુનિસિપાલિટી<br><br>નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.<br><br>(અ) ફક્ત ૧ અને ૨ (બ) ફક્ત ૧,૨,૩<br>(ક) ફક્ત ૧, ૨ અને ૪ (ડ) ૧, ૨, ૩ અને ૪ |

| | |
|---|---|
| 39 | The proportional representation system by means of the single transferable vote is followed in which of the following elections?<br><br>(A) Vice President (B) Members of Rajya Sabha<br>(C) Members of Legislative Councils. (D) Members of ZllaParishad<br><br>એક તબદીલીપાત્ર મત દ્વારા સપ્રમાણ પ્રતિનિધિત્વ વ્યવસ્થા હેઠળ નીચે દર્શાવેલ ચૂંટણીઓમાંથી કોને તે વ્યવસ્થા લાગુ પડે છે ?<br><br>(અ) ઉપરાષ્ટ્રપતિ (બ) રાજ્યસભાના સભ્યો<br>(ક) વિધાન પરિષદના સભ્યો (ડ) જિલ્લા પંચાયતના સભ્યો |
| 40 | The Right to Education Act, 2009 mandates 25 pc free seats to the poor in which among the following schools of India?<br><br>[A]Government Schools only<br>[B]Government Schools and Government Aided Private Schools only<br>[C]Government Schools, Government aided Private Schools and Private unaided schools<br>[D]Private Schools only<br><br>શિક્ષણના અધિકારનો કાયદો ૨૦૦૯ ગરીબ વિદ્યાર્થીઓ માટે નીચે દર્શાવેલામાંથી કઇ શાળાઓમાં ૨૫% નિઃશુલ્ક જગ્યાઓ અનામત રાખે છે ?<br><br>(અ) ફક્ત સરકારી શાળાઓમાં<br>(બ) ફક્ત સરકારી શાળાઓમાં અને સરકારી અનુદાન મેળવતી ખાનગી શાળાઓમાં<br>(ક) સરકારી શાળાઓ, સરકારી અનુદાન મેળવતી ખાનગી શાળાઓ અને સરકારી અનુદાન ન મેળવતી ખાનગી શાળાઓમાં<br>(ડ) ફક્ત ખાનગી શાળાઓમાં |
| 41 | Sachin Tendulkar, Rekha and Anu Aga have been recently nominated to the Rajya Sabha by the President under which among the following Articles of the Indian Constitution :<br><br>[A]Article 65 [B]Article 80<br>[C]Article 92 [D]Article 103<br><br>તાજેતરમાં રાજ્યસભામાં રાષ્ટ્રપતિશ્રી દ્વારા સચીન તેંડુલકર, રેખા અને અનુઆગાની નિમણૂક ભારતના બંધારણની કઇ કલમ પ્રમાણે કરવામાં આવી છે ?<br><br>(અ) કલમ-૬૫ (બ) કલમ-૮૦<br>(ક) કલમ-૯૨ (ડ) કલમ-૧૦૩ |

| | |
|---|---|
| 42 | Jhoom, Onam, Podu, Bewar etc. are examples of which of the following?<br><br>(A)Sedentary cultivation (B)Shifting cultivation<br>(C)Terrace cultivation (D)Irrigated cultivation<br><br>ઝુમ, ઓનમ, પોડુ, બેવાર વગેરે કયા પ્રકારની ખેતીનાં ઉદાહરણ છે ?<br><br>(અ) સ્થાયી ખેતી (બ) ફરતી ખેતી<br>(ક) પગથિયા પદ્ધતિ (ટેરેસ)ની ખેતી (ડ) સિંચાઈવાળી ખેતી |
| 43 | Borneo Island is the part of which among the following countries?<br><br>[A]Malaysia [B]Indonesia [C]Brunei [D]All of them<br><br>નીચે દર્શાવેલામાંથી બોર્નીઓ ટાપુ કયા દેશનો ભાગ છે ?<br><br>(એ) મલેશિયા (બી) ઇન્ડોનેશિયા (સી) બ્રુનેઇ (ડી) આ બધામાં (આ ત્રણેયમાં) |
| 44 | The longest cCell in the human body belongs to which among the following systems?<br><br>[A]Skeletal System [B]Nervous System<br>[C]Circulatory System [D]None of them<br><br>નીચે દર્શાવેલી સીસ્ટમોમાંથી કઇ સીસ્ટમમાં માનવશરીરનો સૌથી લાંબો સી-સેલ મોજુદ હોય છે ?<br><br>(અ) સ્કેલેટલ (હાડકાંની) સીસ્ટમ (બ) નર્વસ (મજ્જા તંતુઓની) સીસ્ટમ<br>(ક) સરક્યુલેટરી (લોહી પરિભ્રમણની) સીસ્ટમ (ડ) ઉપરમાંથી કોઇ નહીં. |
| 45 | Which among the following metal has highest electrical conductivity as well as highest thermal conductivity?<br><br>[A]Gold [B]Silver [C]Platinum [D]Iron<br><br>નીચે દર્શાવેલ ધાતુઓમાંથી કઇ ધાતુની ઉષ્ણતા વહન શક્તિ અને શીતવહન શક્તિ સૌથી વધારે છે ?<br>(અ) સોનું (બ) ચાંદી (ક) પ્લેટિનમ (ડ) લોઢું |
| 46 | TheSwaraj party was the out come of which among the following incidents?<br><br>[A]ChauriChaura [B]Quit India Movement<br>[C]Arrival of Simon Commission [D]BardoliSatyaghara<br><br>નીચે દર્શાવેલા બનાવોમાંથી કયા બનાવના કારણે સ્વરાજ પાર્ટીની રચના થઇ ?<br>(અ) ચૌરી ચોરા (બ) ભારત છોડો આંદોલન<br>(ક) સાયમન કમીશનનું આગમન (ડ) બારડોલી સત્યાગ્રહ |

47 Consider the following:

1 Dutch 2 French 3 Portuguese 4 English

What among the following is the correct order in which the above came to India for establishing commerce?

[A]3→1→4→2 [B]3→1→2→4 [C]3→4→1→2 [D]3→4→2→1

નીચે ચાર વિદેશીઓ નંબર સહિત દર્શાવેલ છે.

(૧) ડચ (૨) ફ્રેંચ (૩) પોર્ટુગિઝ (૪) ઇંગ્લિશ

ઉપરોક્ત વિદેશીઓમાંથી ભારતમાં ધંધાર્થે જે ક્રમમાં આવ્યા તેનો સાચો વિકલ્પ પસંદ કરો.

(અ) ૩→૧→૪→૨ (બ) ૩→૧→૨→૪

(ક) ૩→૪→૧→૨ (ડ) ૩→૪→૨→૧

48 Which among the following Sikh Gurus declared that Guru Granth Sahib will be the holy scripture of Sikhism and will be the permanent Guru of the Sikhs?

(A)Guru GovindSingh (B)Guru ArjunDev

(C)Guru TegBahadur (D)None of them

નીચે દર્શાવેલ શીખ ગુરુઓમાંથી કયા ગુરુએ ગુરુ ગ્રંથસાહિબને શીખ સંપ્રદાયના પવિત્ર ગ્રંથ તરીકે અને કાયમી ગુરુ તરીકે જાહેર કરેલ.

(અ) ગુરુ ગોવિંદસિંહ (બ) ગુરુ અર્જુન દવે

(ક) ગુરુ તેગ બહાદુર (ડ) ઉપરનામાંથી કોઇ નહીં

49 The objective of MahilaSamvridhiYojana is best defined by which of the options below?

(A) Encourage females for making villages Nirmal Gram villages
(B) Encourage females in formation of SHGs
(C) Encourage females to participate actively in Infant Breast Feeding
(D) Encourage females for savings in post offices.

નીચેના વિકલ્પોમાંથી કયો વિકલ્પ મહિલા સમૃદ્ધિની યોજનાનો સર્વશ્રેષ્ઠ રીતે વ્યાખ્યા કરી આપે છે?

(અ) ગામડાઓને નિર્મલગ્રામ બનાવવા માટે મહિલાઓને પ્રોત્સાહન

(બ) મહિલાઓને સ્વસહાય જૂથની

(ક) બાળકોને ધાવણ આપવા માટે મહિલાઓને પ્રોત્સાહન

(ડ) પોસ્ટ ઓફિસમાં મહિલાને બચત અર્થે પ્રોત્સાહન

50 Match List-I with List-II and select the correct answer from the codes given below

| List-I (Head of the Committee / Commission) | | List-II (Purpose) | |
|---|---|---|---|
| A. | BP Jeevan Reddy Committee | 1. | AFSPA 1958 |
| B. | M MPunchhi Committee | 2. | Administrative Reforms |
| C. | Venkatcheliab Committee | 3. | Centre-State Relations |
| D. | VeerappaMoily Committee | 4. | Constitution Review Commission |

Codes

| | A | B | C | D |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 4 | 1 | 3 | 2 |
| (C) | 1 | 3 | 2 | 4 |
| (D) | 1 | 3 | 4 | 2 |

લીસ્ટ-૧ અને લીસ્ટ-૨માં દર્શાવેલી સંલગ્ન બાબતોના સાચાં જોડકાં બનાવવાનાં છે.

| | લીસ્ટ – ૧ (હેડ ઓફ ધ કમીશન/કમિટિ) | | લીસ્ટ – ૨ (પરપઝ) |
|---|---|---|---|
| (અ) | બીપી જીવન રેડ્ડી કમિટિ | ૧ | એએફએસપીએ-૧૯૫૮ |
| (બ) | એમએમ પંછી કમિટિ | ૨ | એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મ્સ |
| (ક) | વેંકટ ચેલીઆબ કમિટિ | ૩ | સેન્ટર-સ્ટેટ રિલેશન્સ |
| (ડ) | વીરપ્પા મોઈલી કમિટિ | ૪ | કોન્સ્ટીટ્યુશન રિવ્યુ કમીશન |

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

કોડ્સ

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (અ) | ૪ | ૩ | ૧ | ૨ |
| (બ) | ૪ | ૧ | ૩ | ૨ |
| (ક) | ૧ | ૩ | ૨ | ૪ |
| (ડ) | ૧ | ૩ | ૪ | ૨ |

| | |
|---|---|
| 51 | The sovereignty of India extends over which of the following areas?<br>(1) Territorial waters of India<br>(2) Exclusive Economic Zone of India<br>(3) Continental Shelf of India<br>Which of the statements given above is/are correct?<br><br>(A) 1 only (B) 2 only (C) 1 and 2 only (D) 1 and 3 only<br><br>નીચે દર્શાવેલા કયા વિસ્તારો પર ભારતની સાર્વભૌમિકતા સ્થપાય છે ?<br>(૧) ભારતનો પ્રાદેશિક જળ વિસ્તાર<br>(૨) ભારતનું આગવું આર્થિક ક્ષેત્ર<br>(૩) ભારતની તટીય છાજલી<br>નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.<br><br>(અ) ફક્ત ૧ (બ) ફક્ત ૨ (ક) ફક્ત ૧ અને ૨ (ડ) ફક્ત ૧ અને ૩ |
| 52 | VikramshilaGangetic Dolphin Sanctuary, India's only dolphin sanctuary, is located in which among the following states of India?<br><br>[A]West Bengal [B]Bihar [C]Assam [D]Uttar Pradesh<br><br>વિક્રમશીલા ગંગાની ડોલ્ફીન સેન્કચ્યુરી (અભ્યારણ્ય) જે ભારતમાં ડોલ્ફીનનું એકમાત્ર અભ્યારણ છે તે કયા રાજ્યમાં આવેલું છે ?<br><br>(અ) પશ્ચિમ બંગાળ (બ) બિહાર (ક) આસામ (ડ) ઉત્તર પ્રદેશ |
| 53 | Which of the following district of Gujarat shares a border with Madhya Pradesh?<br><br>[A] Panchmahals [B] Dahod [C] Tapi [D]Dang<br><br>નીચેનામાંથી ગુજરાતનો કયો જિલ્લો મધ્યપ્રદેશ સાથે સરહદ ધરાવે છે ?<br><br>(૧) પંચમહાલ (૨) દાહોદ (૩) તાપી (૪) ડાંગ |
| 54 | In today's environment, which among the following is the most active agent of Biological weathering?<br><br>(A)Insects (B)Wild Animals (C)Microbe (D)None of them<br><br>આજના પર્યાવરણમાં નીચે દર્શાવેલામાંથી કોના કારણે જૈવિક સૃષ્ટિને સૌથી વધારે હાનિ પહોંચે છે ?<br><br>(અ) જીવાતો (બ) જંગલી જાનવરો (ક) સૂક્ષ્મ જીવા (ડ) ઉપરનામાંથી એક પણ નહીં |

| | |
|---|---|
| 55 | Consider the following:<br>1. Sutlej River<br>2. Indus River<br>3. Ghaghara River<br>Which among the above rivers originates in Tibet?<br><br>[A]1& 2 [B]2 & 3 [C]1 & 3 [D]1, 2 & 3<br><br>નીચે ત્રણ નદીઓનાં નામો છે તે જુઓ.<br>(૧) સતલજ નદી<br>(૨) સિંધુ નદી<br>(૩) ઘાઘરા નદી<br>ઉપરની નદીઓમાંથી કઇ નદી/નદીઓનું ઉદ્‌ભવસ્થાન તિબેટ છે ?<br><br>(અ) ૧ અને ૨ (બ) ૨ અને ૩ (ક) ૧ અને ૩ (ડ) ૧, ૨ અને ૩ |
| 56 | Which among the following is an ore of Uranium?<br><br>[A]Cinnabar [B]Pitchblende [C]Kermesite [D]Pyrolusite<br><br>નીચે દર્શાવેલામાંથી યુરેનિયમની કાચી ધાતુ કઇ છે ?<br><br>(અ) સીનાબાર (બ) પીચબ્લેન્ડે (ક) કેરેમેસાઈટ (ડ) પ્યારોલ્યુસાઈટ |
| 57 | The speed of sound is maximum in which among the following?<br><br>[A]Solids [B]Gases [C]Liquids [D]Vacuum<br><br>નીચે દર્શાવેલામાંથી અવાજની ગતિ શેમાં સૌથી તીવ્ર હોય છે ?<br><br>(અ) સોલિડ (ઘન) (બ) ગેસીસ (વાયુ) (ક) લિક્વીડ (પ્રવાહી) (ડ) વેક્યુમ (અવકાશ) |
| 58 | BalgangadharTilak was arrested in 1908 following the charges on him of ..?<br><br>[A]Murder of Douglas<br>[B]Sedition<br>[C]Opposing the Age of Consent Bill<br>[D]Inciting Chapekar Brothers to commit violence<br><br>૧૯૦૮ માં બાલ ગંગાધર ટિળકની ધરપકડ કયા ગુન્હાઓના આરોપના કારણે થઇ હતી ?<br><br>(અ) ડગ્લાસની હત્યા (બ) રાજદ્રોહ<br>(ક) સહમતિની ઉંમરના ખરડાનો વિરોધ (ડ) ચાપેકર બંધુઓને હિંસક કૃત્યો કરવાની ઉશ્કેરણી |

| | |
|---|---|
| 59 | Which among the following ruler's is known for the Junagarh Rock Inscription?<br><br>[A]RudradamanI [B]Jivadaman<br>[C]Damajadasri [D]Jayadaman<br><br>નીચે દર્શાવેલ શાસકોમાંથી કોનું નામ જૂનાગઢના શિલાલેખ સાથે જોડાયેલું છે?<br><br>(અ) રૂદ્રદમન-૧ (બ) જીવાદમન (ક) દામજાદાસરી (ડ) જયાદામન |
| 60 | "**Sambad Kaumudi**" was published by which among the following leaders?<br><br>(A)Raja RammohanRoy (B)DayanandSaraswati<br>(C)Ishwar Chandra Vidyasagar (D)Ganga Kishore Bhattacharya<br><br>'સંબંધ કૌમુદી' પુસ્તકનું પ્રકાશન નીચે દર્શાવેલા આગેવાનોમાંથી કોણે કર્યું હતું ?<br><br>(અ) રાજા રામમોહન રાય (બ) દયાનંદ સરસ્વતી<br>(ક) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (ડ) ગંગાકિશોર ભટ્ટાચાર્ય |
| 61 | Consider the following statements:<br>(1) Bharat Nirman was launched in 2005-06.<br>(2) It has 6 components under it.<br>(3) It aims to improve quality of life of people in rural and urban area.<br>Which of the statements given above is/are correct?<br><br>(A) 1, 2 and 3 (B) 1 and 2 only (C) 2 and 3 only (D) 1 only<br><br>નીચેનાં વિધાનો અંગે વિચારણા કરો.<br>(૧) ૨૦૦૫-૦૬ માં ભારત નિર્માણ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.<br>(૨) તે યોજનામાં ૬ પ્રકારની બાબતોનો સમાવેશ થાય છે.<br>(૩) તેના દ્વારા શહેરી અને ગ્રામિણ વિસ્તારમાં લોકોના જીવનની ગુણવત્તા સુધારવાનો હેતુ છે.<br>નીચેનામાંથી કયું/કયાં વિધાનો સાચાં છે તે નક્કી કરો.<br><br>(અ) ૧, ૨ અને ૩ (બ) ફક્ત ૧ અને ૨ (ક) ફક્ત ૨ અને ૩ (ડ) ફક્ત ૧ |
| 62 | Which of the following organizations presents the prestigious arts award "KalidasSamman"?<br><br>(A) SangeetNatak Academy (B) National School of Drama<br>(C) Ministry of Culture, Government of India (D) None of the above<br><br>કાલિદાસ સન્માન નામનું પ્રતિષ્ઠિત સાહિત્ય પારિતોષિક નીચે લખેલી સંસ્થાઓમાંથી કઈ સંસ્થા આપે છે ?<br><br>(અ) સંગીત નાટક અકાદમી (બ) નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા<br>(ક) ભારત સરકારનું સાંસ્કૃતિક મંત્રાલય (ડ) ઉપરમાંથી કોઈ નહીં |

| | |
|---|---|
| 63 | Inclusive growth underlined in the Eleventh Five year plan does NOT include one of the following :<br><br>(A) Reduction of poverty (B) Extension of employment opportunities<br>(C) Reduction of gender inequalities (D) Strengthening of capital markets<br><br>અગિયારમી પંચવર્ષીય યોજનામાં સર્વગ્રાહી વિકાસમાં નીચેની બાબતોમાંથી કઇ બાબતોનો સમાવેશ થયો નથી ?<br><br>(અ) ગરીબીમાં ઘટાડો (બ) રોજગારીની તકોનું વિસ્તૃતિકરણ<br>(ક) સ્ત્રી-પુરુષની અસમાનતામાં ઘટાડો (ડ) મૂડી બજારને મજબૂત કરવાની કાર્યવાહી |
| 64 | Which among the following is the name of the first habitable earth-like planet discovered recently?<br><br>[A]Kepler-22b [B]Kepler-10b [C]Gliese 581g [D]None of them<br><br>માનવજીવન માટે સાનુકૂળ છે તેવો નવો શોધાયેલો ગ્રહ નીચે દર્શાવેલા નામોમાંથી કયો છે ?<br><br>(અ) કેપ્લર ૨૨ બી (બ) કેપ્લર ૧૦ બી<br>(ક) ગ્લિસે ૫૮૧ જી (ડ) ઉપરમાંથી કોઇ નહીં |
| 65 | Who among the following heads the five member expert panel to review methodology of poverty estimates?<br><br>[A]BimalJalan [B]Dr. C Rangarajan<br>[C]Dr. M GovindaRao [D]Vijay Shankar Vyas<br><br>ગરીબી રેખા નક્કી કરવાની પદ્ધતિની સમીક્ષા કરવા માટે જે પાંચ નિષ્ણાતોની સમિતિ બનાવવામાં આવી છે તેના અધ્યક્ષ કોણ છે?<br><br>(અ) બિમલ જલાન (બ) ડૉ. સી. રંગરાજન<br>(ક) ડૉ. એમ. ગોવિંદરાવ (ડ) વિજય શંકર વ્યાસ |
| 66 | Bushmen are the native people from which of the following continents?<br><br>(A)North America (B)South America (C)Africa (D)Asia<br><br>નીચે દર્શાવેલા ખંડોમાંથી 'બુશમેન' મૂળ ક્યાંના નિવાસીઓ છે ?<br><br>(અ) ઉત્તર અમેરિકા (બ) દક્ષિણ અમેરિકા (ક) આફ્રિકા (ડ) એશિયા |

| | |
|---|---|
| 67 | Consider the following:<br><br>1. Quartzite<br>2. Gneiss<br>3.Schists<br><br>Which among the above are called metamorphic rocks?<br><br>[A]1 only [B]1 & 2 [C]2 & 3 [D]1, 2 & 3<br><br>નીચે ત્રણ પ્રકારના ખડકો (રોક્સ) નાં નામ દર્શાવેલાં છે.<br>(૧) ક્વાર્ટઝાઇટ<br>(૨) જીનીસ<br>(૩) શીસ્ટ<br>ઉપરના ખડકોમાંથી કયા ખડકોને (મેટામોરફીક) પરિવર્તિત ખડકો કહેવામાં આવે છે ?<br><br>(અ) ફક્ત ૧ (બ) ૧ અને ૨ (ક) ૨ અને ૩ (ડ) ૧, ૨ અને ૩ |
| 68 | Consider the following:<br><br>1. Excretion of wastes<br>2. PH Consistency in body fluid<br>3. Regulation of arterial blood pressure<br><br>Which among the above are functions of the 'Kidneys'?<br><br>[A]Only 1 [B]1& 2 [C]1, 2 & 3 [D]2 & 3<br><br>નીચેના કાર્યોના સંદર્ભમાં<br>(૧) કચરાનો નિકાલ<br>(૨) શરીરના પ્રવાહીનું PH પ્રમાણ<br>(૩) શરીરની ધમનીમાં લોહીના દબાણનું નિયંત્રણ<br>ઉપરોક્ત કાર્યોમાંથી કિડનીનું કાર્ય કયું છે ?<br><br>(અ) ફક્ત ૧ (બ) ૧ અને ૨ (ક) ૧, ૨ અને ૩ (ડ) ૨ અને ૩ |
| 69 | The easily noticed smell of LPG gas is because of which among the following?<br><br>[A]Butane [B]Propane [C]Methane [D]Ethanethiol<br><br>એલપીજી (લાઈટ પેટ્રોલિયમ ગેસ)ની વાસ નીચેનામાંથી કોના કારણે સહેલાઈથી અનુભવાય છે ?<br><br>(અ) બુટેન (બ) પ્રોપેન (ક) મીથેન (ડ) ઈથેનીથીઓલ |

70 About which field does "Red Data Book" have information about ?

[A] Astrology [B] Endangered wild plants, animals
[C] Communism [D]Endangered Forests

'રેડ ડેટા બુક' માં કયા ક્ષેત્ર અંગેની માહિતી છે ?

(અ) જ્યોતિષશાસ્ત્ર (બ) જેનું અસ્તિત્વ જોખમાયું છે તેવી વનસ્પતિ અને પશુઓ
(ક) સામ્યવાદ (ડ) વિનાશના આરે આવેલાં જંગલો

71 In which among the following battles, was artillery used for the first time?

[A]First Battle of Panipat [B]Third Battle of Tarain
[C]First Battle of Khanwa [D]Second Battle of Panipat

નીચે દર્શાવેલ યુદ્ધોમાંથી કયા યુદ્ધમાં સૌથી પ્રથમવાર તોપખાનાનો ઉપયોગ થયો હતો ?

(૧) પાણીપતનું પ્રથમ યુદ્ધ (૨) તરાઈનનું ત્રીજું યુદ્ધ
(૩) ખાનવાનું પ્રથમ યુદ્ધ (૪) પાણીપતનું બીજું યુદ્ધ

72 Bring out the Incorrect Statements?

(A) PurnaSwarajya Resolution was adopted by INC in Lahore Session
(B) Gandhian Principles have been enumerated in directive principal of state
(C)Gopal Krishna Gokhale was the founder of 'Servants of India Society"
(D)AurobindoGhosh was a moderate

નીચેનામાંથી જે ખોટું વિધાન છે તે દર્શાવો.

(અ) ઈન્ડિયન નેશનલ કોંગ્રેસે 'પૂર્ણ સ્વરાજ' નો ઠરાવ લાહોર અધિવેશનમાં પસાર કર્યો હતો.
(બ) રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો ગાંધીજીના સિદ્ધાંતોનું વર્ણન કરે છે.
(ક) ગોપાલકૃષ્ણ ગોખલે 'ભારતીય લોક સેવા સંઘ' ના સ્થાપક હતા.
(ડ) અરવિંદો ઘોષ મવાળ જૂથના હતા.

73 Consider the following statements :
(1) RashtriyaSwasthyaBimaYojana was launched on 1st October 2007.
(2) It covers BPL families of the unorganised sector.
Which of the statements given above is/are correct?

(A) 1 only (B) 2 only (C) Both 1 and 2 (D) Neither 1 nor 2

નીચેનાં વિધાનો અંગે વિચારણા કરો.
(૧) ૧લી ઓક્ટોબર ૨૦૦૭ ના રોજ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.
(૨) અસંગઠિત ક્ષેત્રના ગરીબીની રેખા નીચે જીવતા પરિવારોનો તેમાં સમાવેશ કરાયો છે.
નીચેના વિધાનોમાંથી કયું /કયાં વિધાનો સાચાં છે.

(અ) ફક્ત ૧ (બ) ફક્ત ૨ (ક) ૧ અને ૨ બન્ને (ડ) ૧ કે ૨ માંથી એક પણ નહીં

74 RadekStepanek, who partnered with Leander Paes of India, to win the doubles' title of the 2012 Australian open, is from which of the following countries?

(A) Russia (B) Bulgaria (C) Romania (D) Czech Republic

રાડેક સ્ટેપનેક જેમણે ભારતના લેન્ડર પેસ સાથે ૨૦૧૨ ની ઓસ્ટ્રેલીય ઓપનમાં ભાગીદારીમાં ખિતાબ જીત્યા હતા તે નીચે દર્શાવેલ દેશોમાંથી કયા દેશના છે ?

(અ) રશિયા (બ) બલ્ગેરિયા (ક) રોમાનિયા (ડ) ઝેક રીપબ્લિક

75 Match List-I with List-II and select the correct answer from the codes given below :

| | List-I | | List-II |
|---|---|---|---|
| (A) | Geetanjali | 1. | M.K. Gandhi |
| (B) | My Experiments with Truth | 2. | RabindraNathTagor |
| (C) | Nil Darpan | 3. | Bankim Chandra Chatterjee |
| (D) | Anand Math | 4. | DinabandhuMitra |

Codes

| | A | B | C | D |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 3 | 4 |
| (B) | 2 | 1 | 4 | 3 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 1 | 2 | 4 | 3 |

લીસ્ટ એક અને લિસ્ટ બેમાંથી જે સાચા જોડકાં છે તે વિકલ્પ પસંદ કરો.

| | લીસ્ટ - ૧ | | લીસ્ટ - ૨ |
|---|---|---|---|
| (અ) | ગીતાંજલી | ૧ | એમ. કે. ગાંધી |
| (બ) | માય એક્સપેરીમેન્ટ્સ વીથ ટ્રુથ | ૨ | રવીન્દ્રનાથ ટાગોર |
| (ક) | નીલ દર્પણ | ૩ | બંકીમચંદ્ર ચેટરજી |
| (ડ) | આનંદ મઠ | ૪ | દીનબંધુ મિત્રા |

કોડ્સ

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (અ) | ૨ | ૧ | ૩ | ૪ |
| (બ) | ૨ | ૧ | ૪ | ૩ |
| (ક) | ૧ | ૨ | ૩ | ૪ |
| (ડ) | ૧ | ૨ | ૪ | ૩ |

| | |
|---|---|
| 76 | Consider the following statements on NATGRID -<br>(i) NATGRID has been formed to link database for inputs to combat terrorism.<br>(ii) It is meant to improve India's capability to counter threats to its internal security.<br>Choose the right option:<br>(A) Both (i) and (ii) are correct<br>(B) Only (i) is correct<br>(C) Only (ii) is correct<br>(D) Neither (i) nor (ii) is correct<br>નેટગ્રિડ (NATGRID) અંગે નીચેનાં વિધાનો ધ્યાનપૂર્વક વાંચો<br>(૧) આંતકવાદના મુકાબલા માટે જરૂરી માહિતી મેળવવા માટે સંગ્રહ કરેલી માહિતી સાથે જોડવા માટે નેટગ્રિડની સ્થાપના કરવામાં આવી છે.<br>(૨) ભારતની આંતરિક સુરક્ષા અંગેના જોખમ સામે પ્રતિકાર શક્તિ સુધારવા માટે તેની સ્થાપના કરી છે.<br>નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.<br>(અ) ૧ અને ૨ બન્ને સાચા છે. (બ) ફક્ત ૧ સાચું છે.<br>(ક) ફક્ત ૨ સાચું છે. (ડ) ૧ અને ૨ માંથી કોઈ પણ સાચું નથી. |
| 77 | The objective of Mission Mangalam is to uplift<br>[A] SHGs [B] Girl child nutrition levels<br>[C] Maternal mortality rate [D] Livelihood of unskilled diamond polisher<br>**'મિશન મંગલમ્'** યોજનાનો હેતુ કોની ઉન્નતિ માટે છે ?<br>(અ) સેલ્ફ હેલ્પ ગ્રૂપ (સ્વ સહાય જૂથ) માટે (બ) બાળકીના પોષણના સ્તર માટે<br>(ક) માતૃ મૃત્યુઆંક ઓછો કરવા માટે (ડ) અકુશળ હીરા ઘસુની રોજગારી માટે |
| 78 | Which of the following match of an author and the written work is wrong...<br>**Authour** **Book**<br>(A) Pannalal Patel - Manvi ni Bhavai<br>(B) K. M. Munshi - Patan ni Prabhuta<br>(C) Goverdhanram Tripathi - Sarasvatichandra<br>(D) Umashankar Joshi - Dhvani<br>નીચે દર્શાવેલા જોડકાંમાં કયા જોડકાંમાં લેખક અને પુસ્તકનું જોડાણ ખોટું છે ?<br>**લેખક** **પુસ્તક**<br>(અ) પન્નાલાલ પટેલ - માનવીની ભવાઈ<br>(બ) કનૈયાલાલ મુન્શી - પાટણની પ્રભુતા<br>(ક) ગોવર્ધનરામ ત્રિપાઠી - સરસ્વતિચંદ્ર<br>(ડ) ઉમાશંકર જોશી - ધ્વનિ |

| | |
|---|---|
| 79 | Consider the following statements:<br>1. Chile is the largest producer of Copper in the World<br>2."Chileanisation of copper" refers to the process used in Chile for Copper extraction<br>which among the above statements is/ are correct?<br><br>[A] Only 1 is correct [B] Only 2 is correct<br>[C] Both 1 & 2 are correct [D] Neither 1 nor 2 is correct<br><br>નીચેનાં વિધાનો ધ્યાનથી જુઓ.<br>(૧) ચીલી દેશ વિશ્વમાં તાંબાનો સૌથી મોટો ઉત્પાદક છે.<br>(૨) 'ચીલીનાઇઝેશન' એ એક પ્રક્રિયા છે જેનો ચીલી દેશમાં તાંબુ મેળવવા માટે ઉપયોગ થાય છે.<br>ઉપરનાં વિધાનોમાંથી કયું/કયાં વિધાનો સાચાં છે ?<br><br>(અ) ફક્ત ૧ સાચું છે. (બ) ફક્ત ૨ સાચું છે.<br>(ક) ૧ અને ૨ બન્ને સાચા છે. (ડ) ૧ અથવા ૨ બેમાંથી એક પણ સાચું નથી. |
| 80 | Paradip Port is located at the delta of which among the following?<br><br>[A]Rihand [B]Mahanadi [C]Baitarni [D]Godavari<br><br>પારાદીપ બંદર કઈ નદીના ડેલ્ટા (કાંપક્ષેત્ર) માં આવેલું છે ?<br><br>(અ) રીહાન્ડ (બ) મહાનદી (ક) બૈતરણી (ડ) ગોદાવરી |
| 81 | Who among the following is considered to be the father of antiseptic surgery?<br><br>[A]Dr.LineusPauling [B]Dr. Joseph Lister<br>[C]Robert Koch [D]Luis Pasteur<br><br>નીચે દર્શાવેલામાંથી કોણ 'એન્ટીસેપ્ટિક સર્જરી' નો પિતા ગણવામાં આવે છે ?<br><br>(અ) ડૉ. લિનીયસ પૌલીંગ (બ) ડૉ. જોસેફ લીસ્ટર<br>(ક) રોબર્ટ કોચ (ડ) લુઈઝ પાશ્ચર |
| 82 | Chlorophyll absorbs which of the wavelengths of the Sun light?<br><br>[A] Green &Blue [B] Green & Red<br>[C] Red & Blue [D]Red & Yellow<br><br>ક્લોરોફીલ સૂર્યપ્રકાશમાંથી કયા રંગોને શોષી લે છે ?<br><br>(અ) લીલો અને ભુરો (બ) લીલો અને લાલ<br>(ક) લાલ અને ભુરો (ડ) લાલ અને પીળો |

| | | |
|---|---|---|
| 83 | The Indus Valley site at Surkotada is located in which among the following states?<br><br>[A]Rajasthan [B]Haryana [C]Punjab [D]Gujarat<br><br>સિંધુ ખીણના 'સુરકોટડા' ના અવશેષો નીચે દર્શાવેલ રાજ્યમાંથી કયા રાજ્યમાં આવ્યા છે ?<br><br>(અ) રાજસ્થાન (બ) હરિયાણા (ક) પંજાબ (ડ) ગુજરાત | |
| 84 | Of the statements below, which is/are incorrect?<br><br>(A)Leo Tolstoy was one of the people who influenced Gandhi Ji<br>(B)Religious and socials reforms contributed a lot to develop nationalism in India<br>(C)The main purpose of Cripps Mission was to form a Constituent Assembly<br>(D)Lord Wellesley introduced the permanent settlement of Bengal<br><br>નીચે દર્શાવેલ વિધાનોમાંથી કયું/ક્યાં વિધાનો સાચાં નથી.<br><br>(અ) ગાંધીજી પર પ્રભાવ પાડનાર વ્યક્તિઓમાં એક લીયો ટોલ્સ્ટોય હતાં.<br>(બ) ધાર્મિક અને સામાજિક સુધારણાના પ્રદાનના કારણે ભારતમાં રાષ્ટ્રવાદનો વિકાસ થયો હતો.<br>(ક) ક્રીપ્સ મિશનનો મૂળ હેતુ બંધારણ સભાની રચના કરવાનો હતો.<br>(ડ) લૉર્ડ વેલેસ્લીએ બંગાળમાં કાયમી સેટલમેન્ટ દાખલ કર્યું હતું. | |
| 85 | Consider the following statements :<br><br>(1) PradhanMantriAdarsh Gram Yojana was launched with an allocation of Rs.100 crore.<br>(2) Initially it targeted 1000 villages with 50% and above SC population.<br>Which of the statements given above is/are correct?<br><br>(A) 1 only (B) 2 only (C) Both 1 and 2 (D) Neither 1 nor 2<br><br>નીચેનાં વિધાનો અંગે વિચારણા કરો.<br><br>(૧) પ્રધાનમંત્રીની આદર્શ ગ્રામ યોજનાની શરૂઆત રૂા. ૧૦૦ કરોડના ભંડોળ સાથે કરવામાં આવી હતી.<br>(૨) શરૂઆતમાં તેમાં જે ગામમાં ૫૦ ટકાથી વધારે વસ્તી અનુસૂચિત જાતિની હોય તેને લક્ષ્ય તરીકે રાખવામાં આવેલ.<br><br>ઉપરોક્ત વિધાનોમાંથી કયું/કયાં વિધાનો સાચાં છે તે દર્શાવો.<br><br>(અ) ફક્ત ૧ (બ) ફક્ત ૨ (ક) ૧ અને ૨ બન્ને (ડ) ૧ અથવા ૨ માંથી એક પણ નહીં | |

| | |
|---|---|
| 86 | As per latest Government data:<br>(1) India spends about 3% of GDP on education.<br>(2) India spends about 1.25% of GDP on health.<br>Which of the statements given above is/are correct?<br><br>(A) 1 only (B) 2 only (C) Both 1 and 2 (D) Neither 1 nor 2<br><br>સરકારી આંકડા અનુસાર<br>(૧) ભારતના કુલ ઘરેલુ ઉત્પાદનની ૩ ટકા રકમ શિક્ષણ માટે ખર્ચ કરવામાં આવે છે.<br>(૨) ભારત તેના કુલ ઘરેલુ ઉત્પાદનની ૧.૨૫ ટકા રકમ આરોગ્ય ક્ષેત્રમાં ખર્ચ કરે છે.<br>ઉપરના વિધાનમાં કયું / કયા વિધાન સાચા છે ?<br><br>(અ) ફક્ત – ૧ (બ) ફક્ત - ૨ (ક) ૧ અને ૨ બન્ને (ડ) ૧ પણ નહિ ૨ પણ નહિ |
| 87 | Which states of the following is called "God's own country"<br><br>(A) Uttar Pradesh (B) Madhya Pradesh (C) Kerala (D) Gujarat<br><br>નીચે દર્શાવેલા રાજ્યોમાંથી કયા રાજ્યને **'દેવોની પોતાની ભૂમિ'** તરીકે ઓળખવામાં આવે છે.<br><br>(અ) ઉત્તર પ્રદેશ (બ) મધ્ય પ્રદેશ (ક) કેરાલા (ડ) ગુજરાત |
| 88 | Who of the following has not been an interlocutor on Jammu &Kashmir ?<br><br>(A)A M Ansari (B) Radha Kumar<br>(C) ShujaatBukhari (D) DilipPadgaonkar<br><br>નીચે દર્શાવેલ વ્યક્તિઓમાંથી કોનો કાશ્મિરના પ્રશ્ને સંવાદ-જૂથમાં સમાવેશ થયો નથી.<br><br>(અ) એ. એમ. અન્સારી (બ) રાધાકુમાર<br>(ક) શુઝાત ભંડારી (ડ) દિલીપ પડગાંવકર |
| 89 | Which of the following according to mythology considered as Jyotirling ?<br><br>[A] Bhid Bhanjan Mahadev [B] Chakudeshwar Mahadev<br>[C] Somnath Mahadev [D] Paras Shivlinga<br><br>ભારતીય પુરાણો અનુસાર નીચેમાંથી કોને જ્યોતિર્લિંગ માનવામાં આવે છે ?<br><br>(અ) ભીડ ભંજન મહાદેવ (બ) ચકુડેશ્વર મહાદેવ<br>(ક) સોમનાથ મહાદેવ (ડ) પારસ શિવલીંગ |

| | |
|---|---|
| 90 | Where is Asia's largest solar park?<br><br>(A) Panandhrawa (B) Charanka (C) Midhi Veerdi (D) Becharaji<br><br>એશિયાનો સૌથી મોટો સૌર ઉર્જા પાર્ક ગુજરાતની કઇ જગ્યાએ છે ?<br><br>(અ) પાંડરવા (બ) ચરણકા (ક) મીઠી વિરડી (ડ) બેચરાજી |
| 91 | Which volcano is called the "light pillar of Mediterranean sea"?<br><br>[A]Mount Barbaro [B]Mount Stromboli<br>[C]Mount Etna [D]Mount Vesuvius<br><br>'મધ્યપૂર્વ સમુદ્રના પ્રકાશ સ્તંભ' તરીકે કયા જવાળામુખીને ઓળખવામાં આવે છે ?<br><br>(અ) માઉન્ટ બારબારો (બ) માઉન્ટ સ્ટ્રોમ્બોલી<br>(ક) માઉન્ટ એટના (ડ) માઉન્ટ વિસુવીયસ |
| 92 | The Gulf of Kutch is one of the two regions on the west coast of India, identified as suitable for a Tidal power station. Which among the following is the other one?<br><br>[A]Gulf of Khambhat [B]Laccadive Sea<br>[C]Gulf of Mannar [D]Bay of Bengal<br><br>ભારતના પશ્ચિમ કિનારે બે વિસ્તારો સમુદ્રના મોજાની ભરતી આધારિત વીજ મથકો માટે યોગ્ય જણાયા છે તેમાંનું એક કચ્છનો અખાત છે. નીચે દર્શાવેલામાંથી બીજું યોગ્ય ક્ષેત્ર કયું છે ?<br><br>(અ) ખંભાતનો અખાત (બ) લક્ષદ્વીપનો સમુદ્ર<br>(ક) મનારનો અખાત (ડ) બંગાળનો ઉપસાગર |
| 93 | Clove is which part of the plant?<br><br>[A]Flower bud [B] Calyx [C] Inflorescence [D] Fruit<br><br>લવિંગ એ વૃક્ષનો કયો ભાગ છે?<br><br>(અ) ફૂલની કળી (બ) વજ્ર (ક) ફાલ (ડ) ફળ |
| 94 | Which among the following is the first national park of India?<br><br>[A] Bandipur [B] Corbett [C] Periyar [D]Gir<br><br>નીચે દર્શાવેલ પાર્કમાંથી કયો પાર્ક સૌથી પ્રથમ ભારતના રાષ્ટ્રીય પાર્ક તરીકે જાહેર કરવામાં આવ્યો હતો ?<br><br>(અ) બાંદીપુર (બ) કોરબેટ (ક) પેરિયાર (ડ) ગિર |

| | |
|---|---|
| 95 | Who among the following prescribed separate electorates for India on the basis of the Communal Award in August 1932?<br><br>[A]Lord Irwin [B]Ramsay MacDonald<br>[C]Winston Churchill [D]M.K.Gandhi<br><br>નીચે દર્શાવેલ વ્યક્તિઓમાંથી કોણે ભારતમાં અલગ મતદાર મંડળો અંગેનો ઑગસ્ટ ૧૯૩૨ માં કોમી ચુકાદો આપ્યો હતો ?<br><br>(અ) લૉર્ડ ઇરવીન (બ) રામસે મૅકડોનાલ્ડ<br>(ક) વિન્સ્ટન ચર્ચિલ (ડ) એમ. કે. ગાંધી |
| 96 | Which of the following movements was started to support Muslim resentment against the Oottoman Empire Policy of the British?<br><br>(A)MoplahRiots (B)Khilafat Movement<br>(C)Ghadar Conspiracy (D)ReshmiRumal Movement<br><br>બ્રિટનની ઓટોમન સામ્રાજ્ય અંગેની નીતિ સામેના આક્રોશને કારણે નીચે દર્શાવેલ આંદોલનોમાંથી કયું આંદોલન મુસ્લિમોના ટેકા માટે શરૂ થયું હતું?<br><br>(અ) મોપલા હુલ્લડો (બ) ખિલાફત આંદોલન<br>(ક) ગદર ષડયંત્ર (ડ) રેશમી રૂમાલ આંદોલન |
| 97 | Consider the following statements :<br><br>(1)Know India Programme (KIP) is administered by Ministry of External Affairs.<br>(2)OCI (Overseas Citizenship of India) registration is done by Union Ministry of Home Affairs.<br><br>Which of the statements given above is/are correct?<br><br>(A) 1 only (B) 2 only (C) Both 1 and 2 (D) Neither 1 nor 2<br><br>નીચેનાં વિધાનો અંગે વિચારણા કરો.<br><br>(૧) 'ભારત જાણો' કાર્યક્રમનું સંચાલન વિદેશી બાબતોનું મંત્રાલય કરે છે.<br>(૨) ભારતના દરિયાપાર વસતાં નાગરિકોની નોંધણી કેન્દ્રના ગૃહ મંત્રાલય દ્વારા થાય છે.<br><br>ઉપરોક્ત વિધાનોમાંથી કયું/કયાં વિધાનો સાચાં છે.<br><br>(અ) ફક્ત ૧ (બ) ફક્ત ૨ (ક) ૧ અને ૨ બન્ને (ડ) ૧ કે ૨ માંથી એક પણ નહીં. |

| | |
|---|---|
| 98 | Tobin Tax proposes to tax<br><br>(A) Trade in Services<br>(B) Transfer of money through remittances<br>(C) Foreign Capital Outflow<br>(D) Transaction in Toxic Assets<br><br>ટોબીન (Tobin) ટેક્ષ નીચેનામાંથી શેના પર વસૂલ કરવાનો છે ?<br><br>(અ) વ્યાપારમાં અપાતી સેવાઓ પર (બ) વિદેશથી મોકલવામાં આવતી રકમો પર<br>(ક) વિદેશી મૂડીરોકાણ પરત ખેંચવા પર (ડ) ઝેરી (Toxic) પદાર્થોને લગતી તબદીલી પર |
| 99 | Which of the following have the highest share in the distribution of credit to agriculture and allied sectors?<br><br>(A) Co-operative Banks (B) Regional Rural Banks<br>(C) Commercial Banks (D) Indigenous money lenders<br><br>નીચે દર્શાવેલ સંસ્થાઓમાંથી કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો માટેના ધિરાણમાં કોનો હિસ્સો સૌથી વધારે છે ?<br><br>(અ) સહકારી બેંકો (બ) પ્રાદેશિક ગ્રામિણ બેંકો<br>(ક) કોમર્શિયલ (વ્યવસાયિક) બેંકો (ડ) સ્થાનિક ધિરધાર કરતા શાહુકારો |
| 100 | In the context of the Indian Economy, consider the following statement :<br>1 The growth rate of GDP has steadily increased in the last five years<br>2. The growth rate in per capita income has steadily increased in the last five years<br>Which of the statements given above is/are correct ?<br><br>(A) 1 only (B) 2 only (C). Both 1 and 2 (D). Neither 1 nor 2<br><br>ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં નીચેનાં વિધાનો કાળજીપૂર્વક વાંચો.<br>(૧) જીડીપી (કુલ રાષ્ટ્રીય ઉત્પાદન) ના વૃદ્ધિ દરમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સ્થિર રીતે વધારો થયો છે.<br>(૨) માથાદીઠ આવકના વૃદ્ધિદરમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સ્થિર રીતે વધારો થયો છે.<br>ઉપરના વિધાનોમાંથી કયું/કયાં વિધાનો સાચાં છે.<br><br>(અ) ફક્ત – ૧ (બ) ફક્ત - ૨<br>(ક) ૧ અને ૨ બન્ને (ડ) ૧ અથવા ૨ માંથી એકપણ નહીં. |

---------------